# કાંકરેજ તાલુકાના ઉંબરી કંબોઈ બનાસ નદીમાંથી બે હીટાચી મશીન સિઝ કરાયાં







પાલનપુર ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી અને રાત્રે અંધારામાં બબે મશીનો ઝડપાઈ જવા પામ્યાં હતા અને કાંકરેજ ની બનાસ નદી ના પટમાંથી રાત્રે રેતી ની મોટાપ્રમાણમાં ચોરી કરી ગાડીઓ બારોબાર રવાના કરી રેતીનો કાળો કારોબાર ચાલતો હોવાનું ઘટસ્ફોટ થયું હતું પરંતુ ઉંબરી ના લોકો મુખેથી કંઈક અલગ અલગ ચર્ચાઓ જાગી હતી ત્યારે સત્ય વાતોને સ્વીકારે કોણ તેવો બનાવ સામે આવતાં અનેક તર્ક વિતર્ક ઉઠવાપામ્યાં હતાં જોકે એક ઉંબરી ના સ્થાનિક એ જણાવ્યું હતું કે મશીનો ખેતરોમાં પડ્યાં હતાં અને ખાણ ખનિજ પાલનપુર ની ટિમ ઓચિંતી આવી હતી રાત્રે અને મશીનો પાસે સિક્યોરિટી ગાર્ડ બેસાડીને રવાના થઈ ગયા હતા ત્યારે હકીકત અંગેની વધુ માહિતી મળી નથી પરંતુ રાત દિવસ રેતીનું ખનન કરનારા અત્યારે ભૂગર્ભમાં ઉતરીગયા હોય તેવું લાગી રહ્યું છે ત્યારે સ્થાનિક તંત્ર દ્વારા સુ કોઈ ઠોસ કાર્યવાહી કરવાની નહિ આવતી હોય પોલીસ દ્વારા અને કાંકરેજ મામલતદાર કચેરી દ્વારા જો રાત્રે પેટ્રોલીંગ કરવામાં આવે તો મસ મોટું રેકેટ બાર આવે તેમ છે.

પરંતુ ખાણ ખનિજ પાલનપુર ના અધિકારીઓ એકાદ બે મહિનામાં આવી કેસ કરી છુમંતર થઈ જાય છે અને પત્રમ પુષ્પમ તેમનાસુધી પહોંચી જાય એટલે ફક્ત આવા સંજોગોમાં રેડ કરવાના નાટકો ભજવવાનું યથાવત રહેવા પામ્યું છે અને કાંકરેજ તાલુકા માં કેટલી લિઝો અને કોણ લીઝ હોલ્ડર સે તેની તાલુકા મથકે પુરી જાણકારી પણ નથી ત્યારે આવા નઘરોળ તંત્રની ઉંઘ ક્યારે ઉડશે અને સાચી હકીકત બાર આવશે તે અંગે લોકો માં ચર્ચાઓ જાગી હતી ત્યારે હવે કઈ દિશામાં આગળ તપાસ કરવામાં આવે છે તે જોવું રહ્યુ આ બાબતે પાલનપુર ખાણ ખનિજ પાલનપુર ઑફિસમાં ટેલીફોન ઉપર માહિતી મેળવવા કોન્ટેક કરતાં લોકલ ફોન ઉપર એંગેજ આવતું હોવાથી વાત થઈ શકી નહોતી હવે સત્ય વાતોને સ્વીકારે અને હકીકત ખુદ ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ દ્વારા સામે લવાય તેવી સ્થાનિક લોકો માં રાગ ઉઠ્યો હતો આખરે આમ પાલનપુર ખાણ ખનિજ વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી ની માહિતી કેમ ખાનગી રાખવામાં આવી હતી અને સ્થાનિક મીડિયા અથવા કાંકરેજ મામલતદાર કચેરીમાં કેમ જાણ કરવામાં ન આવી તેને લઈ મીડિયા સહિત સમગ્ર લોકોમાં રોષ જોવા મળ્યો હતો ત્યારે હવે ખાણ ખનિજ વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવે તો સ્થાનિક તંત્ર ને જાણ કરવામાં આવે જેથી કરીને સાચી હકીકત બાર આવી શકે.

## ડીસાના માણેકપુરા ગામની દૂધ મંડળી આઠ મહિનાથી બંધ હોઈ

# પશુપાલકોએ દૂધ ઢોળી ઠાલવ્યો રોષ

ડીસા, તા.૯

બનાસકાંઠાના ડીસા તાલુકાનાં માણેકપુરા ગામની દૂધ મંડળી છેલ્લા છ માસથી બંધ પડેલી હોઈ ગામની દૂધ મંડળીને પુનઃ શરૂ કરવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન પર ઉતરી આવ્યા હતા અને રસ્તા પર દૂધ ઢોળી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. માણેકપૂરા ગામની દૂધની ડેરી છેલ્લા છ માસથી બંધ હોઈ ગામના પશુપાલકોને મોટું આર્થિક નુકશાન થઈ રહ્યું છે. આ ડેરી બંધ થતાં ગામના પશુપાલકો દ્વારા અનેકવાર રજૂઆતો કરવા છતા ડેરી શરૂ કરવામાં આવી નથી. ડેરીના સંચાલકોના જણાવ્યા અનુસાર છ માસ અગાઉ ગામમાં આવેલી ડેરીમાં. ભેળસેળ કરાતી હોવાની ફરિયાદના પગલે અધિકારીઓ અર્થે આવ્યા ત્યારથી ડેરીને તાળું મારી દેવાયું હોઈ માણેકપુરા ગામના પશુપાલકોને દૂધ વેચવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે આજે માણેકપુરા ગામના વીફરેલા ખેડૂતો રસ્તા પર ઉતરી ડેરીને પુનઃ શરૂ કરવાની માંગ સાથે ઉગ્ર રોષ પ્રગટ કર્યો હતો. અને રસ્તા પર દુધનો જથ્થો ઢોળી ડેરી પુનઃ શરૂ કરવાની માંગ કરી હતી. ડેરી બંધ થતાં માણેકપુરા ગામના

### દૂધ મંડળી ચાલુ ના થાય તો આંદોલન છેડવાની ચીમકી



પશુપાલકોને મોટું આર્થિક નુકશાન થઈ રહ્યું હોઈ સ્થાનિક પશુપાલકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે ત્યારે આ ગામના સરપંચે દૂધમાં મિલાવટ કરનાર લોકોના પાપે દૂધ ડેરી બંધ કરી દેવાતાં નિર્દોષ પશુપાલકો મોટું નુકશાન વેઠી રહ્યાં હોવાનું જણાવી જો આ ડેરીને શરૂ ન કરાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી.

# આજથી નવરાત્રિનો પ્રારંભ : ખેલૈયાઓ મનભરીને ગરબે ઘુમશે

## હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડને તૈયાર કરાયું : નવરાત્રીની ઉજવણીને લઈને માઈભક્તોમાં થનગનાટ

હિંમતનગર, તા. ૯

આસો સુદ એકમથી શરૂ થઈ રહેલા નવરાત્રીનો બુધવારથી પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સહીત જિલ્લાના અનેક સ્થળે નવ દિવસના આ પર્વની ઉજવણી કરવા માટે આયોજકોએ નામી અનામી કલાકારોને બોલાવવાનું નક્કી કરી લીધુ છે. ત્યારે જો વરસાદનુ વિઘ્ન ન આવે તો આ વર્ષે નવરાત્રીની ઉજવણી રંગ લાવશે.

હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પોલીસતંત્ર અને સુરક્ષાસેતુના નેજા હેઠળ બુધવારથી સંગીતના સથવારે, ઢોલના તાલે ગુંજશે. સાબરકાંઠામાં નવરાત્રીનો પ્રારંભ થશે. જેમાં તા. ૧૦ થી ૧૯ ઓક્ટોબર દરમ્યાન ગુજરાતના ખ્યાતનામ કલાકારો હાજરી આપશે. તેજ પ્રમાણે હિંમતનગરના મહાકાલી મંદિર ખાતે પણ આયોજકોએ નવરાત્રીની ઉજવણીનું આયોજન કર્યુ છે અને તૈયારીઓને પણ આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ખાડીયા વિસ્તારમાં આવેલ મહામંદિર ખાતે પણ યુવક મંડળ દ્વારા નવરાત્રીની ઉજવણી કરવામાં આવશે.

ઉપરાંત પ્રાંતિજ તલોદ, ઈડર, ખેડબ્રહ્મા સહીતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ નવરાત્રીની ઉજવણી કરાશે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસતંત્રએ રાત્રે સંવેદનશીલ તથા ગરબાના ગ્રાઉન્ડોની આસપાસ પેટ્રોલીંગની કામગીરીને સઘન બનાવવાનું નક્કી કરી દીધુ છે. નવરાત્રી દરમ્યાન જો વરસાદનુ વિઘ્ન નહીં આવે તો માઈભક્તો રાત્રે મોડે સુધી ગરબા ગ્રાઉન્ડને સંગીતના તાલે ગજવશે.

આ વર્ષે યુવા ખેલૈયાઓ ટ્રેડીશનલ ડ્રેસમાં ડાંડીયાના તાલે ગરબે ગુમશે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા વખતથી મા અંબાની આરાધના કરવા માટે જૂના ગરબા અને સ્તુતી સમયની સાથે બદલાઈને અવનવા સંગીતના તાલે કલાકારો દ્વારા ગાવામાં આવી રહ્યા છે. ત્યારે તેના કારણે નવરાત્રી ફક્ત આનંદનો તહેવાર બની રહ્યો હોય તેમ લોકો માની રહ્યા છે.

# મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં નોરતાના પ્રારંભે યુવાધનમાં થનગનાટ

માં શક્તિની આરાધના પર્વ નવરાત્રીનો આજથી પ્રારંભ થવાનો હોવાથી ભક્તો વધાવવા આતુર છે. યુવાવર્ગ માટે નૃત્ય હર્ષોલ્લાસના આ પર્વને વધાવવા થનગનાટ સાથે આતુરતાનો અંત આવશે. માં શક્તિના ઉપાસનાના પાવન પર્વમાં છેલ્લા કેટલાક વર્ષોથી અસામાજિક તત્વો અને યુવાનો દારૂ ઢીંચીને ઉમંગના પર્વમાં અને ભક્તોની આસ્થાને ઠેસ પહોંચાડી તોફાન મચાવતા હોવાથી નવરાત્રી પર્વની પવિત્રતા જળવાઈ રહે તે માટે સામાજિક સંસ્થાના અગ્રણી ચંદ્રકાન્ત પટેલ સહિતના અગ્રણીઓએ જીલ્લા પોલીસવડા મયુર પાટીલને રજુઆત કરતા નવરાત્રી મહોત્વના પરિસરમાં પ્રવેશનારની બ્રેથ એનલાઈઝર ટેસ્ટથી તપાસ કરી નશામય હાલતમાં પકડાયેલ શખ્સ સામે સખ્ત કાર્યવાહી કરવાની હૈયાધારણા આપી હતી. અરવલ્લી જીલ્લા કલેક્ટરે જાહેરનામું પ્રસિદ્ધ કરી શેરી ગરબા સિવાય મેદાનો અને પાર્ટીપ્લોટ પર યોજાતી નવરાત્રીમાં ફરજીયાત સીસીટીવી કેમેરા ગ્રાઉન્ડ પ્રવેશદ્વાર અને



પાર્કિંગના સ્થળે લગાવવા અમલવારી કરવાના આદેશ કરવામાં આવ્યો છે.

નવરાત્રી પર્વનો યુવાધનમાં હંમેશા ઈંતેજારી રહેતી હોય છે. નવરાત્રી પર્વનો આજથી ભવ્ય શુભારંભ થતો હોવાથી યુવાધન હિલોળે ચઢવાની આતુરતાનો અંત આવી જશે. મોડાસા શહેરમાં નવરાત્રી મહોતસ્વમાં કલ્યાણ ચોક, રામપાર્ક, ઉમિયા મંદિર, અર્બુદા નવરાત્રી અને રમઝટ નવરાત્રી મંડળ દ્વારા તડામાર તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે. જીલ્લા કલેક્ટરના સીસીટીવી કેમેરા નવરાત્રી સ્થળે લગાવવાનું જાહેરનામું પ્રસિદ્ધ થતા મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં નવરાત્રી મહોત્સવ મંડળમાં ભારે દોડધામ મચી હતી. નવરાત્રી મહોત્સવમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને યુવાધન સહીત યુવતીઓ, મહિલાઓ અને બાળકીઓ સહીત ખેલૈયાઓ નિર્ભય બની નવરાત્રી મહોત્સવમાં ગરબે ઘૂમી શકે તે માટે જીલ્લા વહીવટીતંત્ર અને જીલ્લા પોલીસતંત્ર દ્વારા વિશેષ કાળજી લેવામાં આવતા ભક્તો અને ખેલૈયાઓ સહીત પ્રજાજનોમાં આનંદ છવાયો હતો.

# ભિલોડા તાલુકામાં નવલી નવરાત્રિનો શુભારંભ

ભિલોડા,તા.૧૦

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં નવલી નવરાત્રીનો શુભારંભ થઈ



રહ્યો છે. માં અંબાની ઉપાસના પર્વ નિમિત્તે ભાવિક-ભક્તો ભક્તિમાં લીન બની રહ્યા છે. તા.૧૦/૧૦/૨૦૧૮ ને બુધવારના રોજ નવલી નવરાત્રી મહોત્સવનો ભારે આસ્થા અને ઉમંગભેર શુભારંભ થઈ રહ્યો છે. સવારે શુભ મુર્હુતમાં ઠેર-ઠેર નવરાત્રી ચોકમાં ઘટ સ્થાપન થશે રાત્રે ગરબા, દાંડીયા રાસની ભવ્ય રમઝટ ઝામશે જેના કારણે નવરાત્રી ચોક રોશનીથી ઝળહળશે ત્યારે રાત્રે પણ દિવસ જેવો માહોલ જોવા મળી રહેશે. નવલી નવરાત્રી નિમિત્તે દસ દિવસ સુધી ખેલૈયાઓ ભારે આનંદ, ઉત્સાહ સાથે રમઝટ જમાવશે. આસો સુદ એકમ થી નવરાત્રીનો શુભારંભ થઈ રહ્યો છે ત્યારે ખેલૈયાઓનો ઉત્સાહ પણ બમણો થઈ ગયો છે.

નવરાત્રી નિમિત્તે વિવિધ યુવક મંડળો ધ્વારા છેલ્લા કેટલાક દિવસોથી પુરજોશમાં તૈયારીઓ ચાલતી હતી જેને આખરી ઓપ સમી સાંજે આયોજકો ધ્વારા આપી દેવાયો હતો. ભારતીય સંસ્કૃતિમાં આસો માસ દરમ્યાન આવતી નવરાત્રીનું વિશેષ મહત્વ છે. નવરાત્રી પર્વ નિમિત્તે દુર્ગા માંના નવ દિવસ સુધી જુદા-જુદા સ્વરૂપો જોવા મળે છે. શૈલપુત્રી, બ્રહ્મચારીણી, ચંદ્રઘંટા, કુષ્કમંદા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રી, મહાગૌરી અને સિધ્ધીદાત્રીની પુજા અર્ચના, આરતી ભાવિક ભક્તો ધ્વારા કરવામાં આવતી હોય છે.

# અંબાજી મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર

શક્તિપીઠ અંબાજી મંદિર મા આસો નવરાત્રી ,અંબાજી મંદિર ટ્રસ્ટ તરફથી આસો સુદ એકમ થી દર્શન ના સમય મા નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે

૧૦/૧૦/૨૦૧૮થી દર્શન સમયમાં ફેરફાર

સવારે મંગળા આરતી :- ૭:૩૦ થી ૮:૦૦

સવારે દર્શન :- ૮:૦૦ થી ૧૧:૩૦

રાજભોગ થાળ સોના ની થાળી મા :- ૧૨:૦૦ વાગે

બપોરે દર્શન :- ૧૨:૩૦ થી ૪:૧૫

સાંજે આરતી :- ૬:૩૦ થી ૭:૦૦

સાંજે દર્શન :- ૭:૦૦ થી ૯:૦૦ વાગે સુધી

## અંબાજી મંદિરમાં મૂર્તિ નહીં પણ યંત્રની પૂજા

અંબાજી મંદિર માં વિસા યંત્ર ની પુજા થાય છે અને આ વિસા યંત્ર ને મૂર્તિ ના સ્વરૂપ માં શણગારવામાં આવે છે આથી ભક્તો ને આ મૂર્તિ જેવું લાગે આ યંત્ર ની પુજા અહીંના પુજારીઓ આંખે પાટા બાંધી કરે છે ,સવારે માતાજી નું બાળા સ્વરૂપ હોય છે ,બપોરે યુવાન સ્વરૂપ હોય છે સને સાંજે વૃહયા સ્વરૂપ જોવા મળે છે

# હિંમતનગર પાલિકાની પેટા ચૂંટણીમાં કેસરીયો લહેરાયો

હિંમતનગર નગરપાલિકાના વોર્ડ નં. ૪ની એક બેઠક માટે રવિવારે યોજાયેલી ચૂંટણી બાદ મંગળવારે મામલતદાર કચેરીમાં તેની મતગણતરી હાથ ધરાઈ હતી. જેમાં એક કલાકમાં મતગણતરી પૂર્ણ થયા બાદ તરત જ પરીણામ જાહેર થતા વિજયી ઉમેદવાર તથા તેના કાર્યકરો અને ટેકેદારોએ ગેલમાં આવી જઈને વિજય સરઘસના માધ્યમથી વિજયોત્સવ મનાવ્યો હતો.

આ અંગે જિલ્લા ભાજપના પ્રમુખ જે.ડી. પટેલના જણાવાયા મુજબ રવિવારે પાલિકાના વોર્ડ નં. ૪ની એક બેઠક માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ત્રણ ઉમેદવારો ઉભા હતા. જે મુજબ કોંગ્રેસમાંથી મૌલેશ સોની તથા ભાજપમાંથી નટુભાઈ ઓઝાએ ઉમેદવારી નોંધાવતાની સાથે જ શહેરના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો.

તો બીજી તરફ અપક્ષ ઉમેદવારનું જોર ખુબજ ઓછુ હોવાને કારણે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે ચૂંટણી પ્રચારમાં ભારે રસાકસી રહી હતી. ત્યારબાદ આ એક બેઠક માટે અંદાજે ૫૫ ટકા મતદાન થયા બાદ રાજકિય તજજ્ઞોએ મતદાનની ટકાવારી તથા આ વોર્ડમાં આવતા બુથને ધ્યાનમાં રાખી હારજીતના અનુમાન કર્યા હતા. દરમ્યાન મંગળવારે પાલિકાના વોર્ડ નં. ૪ના ૧૧ બુથો પર થયેલ મતદાનની ગણતરી શરૂ કરાઈ તેના એક કલાક બાદ પરીણામ ઘોષિત થઈ ગયુ હતુ. તેમાં ભાજપના ઉમેદવાર નટુભાઈ




ઓઝાએ ૨૪૫૫ જ્યારે કોંગ્રેસના ઉમેદવાર મૌલેશ સોનીને ૧૪૭૨ અને અપક્ષ જાકીર હુસેન મહમદ સફી પાંચભૈયાને ૧૧૦ મત મળ્યા હતા. આ ચૂંટણીમાં ૯૦ મતદારોએ નાટોનુ બટન દબાવીને એક પણ ઉમેદવારને પસંદ કર્યા નથી.

મતગણતરી પૂર્ણ થયા બાદ ભાજપના ઉમેદવાર નટુભાઈ ઓઝાએ ૯૮૩ મતની સરસાઈ મળતા ચૂંટણી અધિકારીએ તેમને વિજયી જાહેર કર્યા હતા. જેથી હવે નગરપાલિકામાં સત્તાધારી ભાજપનું સંખ્યાબળ ૨૭ થયું છે. જ્યારે કોંગ્રેસનું સંખ્યાબળ ૯ રહ્યુ છે. ચૂંટણીનું પરીણામ જાહેર થયા બાદ નટુભાઈ ઓઝાનું શહેરના વિવિધ વિસ્તારોમાં વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતુ અને મંગળવારે આખો દિવસ હિંમતનગરમાં નગરપાલિકાના જાહેર થયેલા પરીણામો અંગે અનેક લોકોએ પોતાની રીતે પરીણામને મુલવ્યુ હતુ.




## મોડાસા પાલિકાની પેટા ચૂંટણીમાં ભાજપ પ્રેરિત અપક્ષ વિજેતા બનતા ભગવો લહેરાયો

અરવલ્લી જિલ્લામાં મોડાસા નગરપાલિકાના વોર્ડ ન. ૯ના એક કોર્પોરેટર માટે યોજાયેલી રસાકસીભરી પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી સમર્થીત અપક્ષ ઉમેદવાર જાકિરહુસેન લાલુભાઈ મુલ્તાની ૭૩૨ મતની જંગી સરસાઈથી વિજયી નીવડ્યા છે. મુલતાનીને ૧૯૩૦ જ્યારે તેના નજીકના હરીફ કોંગ્રેસ રજાકભાઈને ૧૧૯૮ મત મળ્યા હતા. આ પેટા ચૂંટણીમાં ભાજપ સમર્થીત ઉમેદવારની ઝળહળતી ફતેહ થતા જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ સર્વે મતદાર ભાઈબહેનો, કાર્યકર્તાઓ અને હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા. મોડાસાના વોર્ડ ૯માં તથા શહેરના મુખ્યમાર્ગ ઉપર વિજતા ઉમેદવાર જાકિરહુસેન લાલુભાઈ મુલ્તાનીના નીકળેલા વિજય સરઘસમાં જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી અને હોદ્દેદારો, કાર્યકરો તેમજ મીડિયા કન્વીનર પ્રભુદાસભાઈ પટેલ અને અગ્રણીઓ પણ જોડાયા હતા.

# પોલાજપુરની સગીરાનું અપહરણ કરાતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૯

હિંમતનગર તાલુકાના પોલાજપુર ગામની એક સગીરાનું સતલાસણા તાલુકાના ધારાવાણા ગામનો એક શખ્સ અપહરણ કરી ભગાડી ગયાની ફરીયાદ સોમવારે સગીરાની માતાએ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. આ અંગે પોલાજપુરના બઈજીબા ઉદેસિંહ રાઠોડે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેમની સગીરવયની દિકરી સુમનબાને ગત તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ ધારાવાણા ગામના અનિલસિંહ રણજીતસિંહ ઉર્ફે રણુસિંહ પરમાર લલચાવી ફોસલાવી વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયો હતો. જેથી બઈજીબાએ રણુસિંહ પરમાર વિરૂદ્ધ સોમવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# બનાસકાંઠામાં રહેતા બહારના શખ્સોનો ભૂતકાળ ચકાસો

## મહાકાલ સેનાએ દીકરીના આરોપીને ફાંસીની માંગ સાથે કલેકટર કચેરીએ આવેદન આપ્યું

પાલનપુર

હિંમતનગરની દીકરી સાથે બનેલી અઘટીત ઘટનાના આરોપીને ફાંસીની સજા કરવામાં આવે તેમજ બનાસકાંઠા જિલ્લામાં વસતા બહાર શખ્સોનો તેમના વિસ્તારનો ભૂતકાળ ચકાસી ત્યાં કોઈ ક્રાઈમ કર્યુ નથી તેવું સર્ટી લાવે તેવી માંગ સાથે સોમવારે બનાસકાંઠા જિલ્લા મહાકાલ સેના દ્વારા પાલનપુર ખાતે જિલ્લા કલેકટર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.

હિંમતનગરમાં માત્ર ચૌદ માસની બાળકી ઉપર પરપ્રાંતિય શખ્સ દ્વારા દુષ્કૃત્ય આચરવાની ઘટનાના સમગ્ર રાજયમાં ઘેરા પ્રત્યાઘાત પડવા પામ્યા છે. ગામેગામથી આ આરોપીને ફાંસીની સજા થાય તેવી માંગ સાથે કેન્ડલ માર્ચ તેમજ આવેદનપત્રો અપાઈ રહ્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા મહાકાલ સેના દ્વારા સોમવારે જિલ્લા કલેકટર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. જેમાં જણાવાયું હતુ કે, હિંમતનગરની દીકરી સાથે બનેલી ઘટનામાં સરકારે કેબિનેટમાં પ્રસ્તાવ પાસ કરી આ કેસ ફાસ્ટેક કોર્ટમાં ચલાવી આરોપીને ફાંસીની સજા આપવામાં આવે તેવા નિર્ણયમાં વિલંબ કરવામાં ન આવે. તેમજ બનાસકાંઠામાં જે બહારના શખ્સો રહે છે. તેમનો તેમના વિસ્તારનો ભૂતકાળ ચકાસી કોઈ ગૂનાહિત પ્રવૃતિ આચરીને આવ્યા નથી. તેવું તેમના વિસ્તારનું સ્થાનિક પોલીસમથકનું સર્ટી રજૂ કરે તેવી પણ માંગણી છે. આવેદનપત્ર આપતી વખતે મહાકાલ સેના ઉત્તર ગુજરાત સંસ્થાપક બળવંતસિંહ રાઠોડ, બનાસકાંઠા જીલ્લા મહાકાલસેના મહામંત્રી પ્રદિપસિંહ



ચૌહાણ જિલ્લા મહાકાલસેનાના અગ્રણી ભગવાનસિંહ સોલંકી, પંકજસિંહ ઠાકુર, અશોકસિંહ વાઘેલા, સામંતસિંહ સોલંકી સહિત હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરના મોતીપુરામાંથી બાઈક ચોરાયું

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં પેટ્રોલપંપની સામે ચાર દિવસ અગાઉ પાર્ક કરેલ રૂ. ૩૫ હજારની કિંમતના બાઈકની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયાની ફરીયાદ સોમવારે હિંમતનગર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે દિનેશ નંગાજી ભોઈએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમણે ગત તા. ૬ ઓક્ટોબરના રોજ પોતાનો બાઈક નં. આર.જે.૨૭બી.એલ.૮૦૩૫ કે જેની કિંમત રૂ. ૩૫ હજાર થવા જાય છે. તેને અજાણ્યો શખ્સ મોતીપુરા વિસ્તારમાં આવેલ પેટ્રોલપંપની સામેની જગ્યામાંથી અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો.